**<u>:: ફો.કે. નંબર ૫૭૮૦/૨૦૨૫ થી ૫૯૭૯/૨૦૨૫ તથા ૬૦૬૧/૨૦૨૫ થી ૭૪૬૨/૨૦૨૫ તથા ૭૮૦૫/૨૦૨૫ થી ૧૦૯૧૦/૨૦૨૫ તથા ૧૧૦૭૬/૨૦૨૫ થી ૧૨૮૧૫/૨૦૨૫ તથા ૧૩૦૭૧/૨૦૨૫ થી ૧૩૨૭૦/૨૦૨૫ તથા ૧૩૨૭૧/૨૦૨૫ થી ૧૩૫૭૧/૨૦૨૫ એમ કુલ ૬૯૪૯ એન.સી. કેસો ના આંક –૧ નીચે સંયુકત હુકમ ::</u>**

ટ્રાફીક શાખા દ્ધારા કાઢવામાં આવેલ ઈ મેમો છ માસમાં ન ભરાતા, તે ઈ–મેમો એન. સી. સાથે અત્રેની કોર્ટને મોકલવામાં આવેલ છે. સદર એન.સી.ઓ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. જે પૈકી ઉપરોકત કેસ નંબર મુજબના આરોપીઓ વિવિધ કારણોસર મળી આવેલ ન હોય તે અંગેના શેરા સાથેની કામગીરીઓ પરત આવેલ છે. તેમજ અત્રેની કોર્ટ દ્ધારા અગાઉ પણ અવાર નવાર એન સી બાબતે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે તેમજ એન સી બાબતે સમન્સ બજાવવા બાબતે પુરતી તક આપેલ હોવા છતા ટ્રાફીક શાખા દ્ધારા સમન્સની અસરકારક બજવણી કરેલ નથી તેમજ આ અગાઉ પણ ટ્રાફીક શાખાને એન સી ની અસરકારક બજવણી કરવા સુચના આપેલ હોવા છતા એન સી ની અસરકારક બજવણી કરેલ નથી તેમજ એન સી ના સમન્સ વગર બજે યાંત્રીક શેરા કરી પરત કરેલ છે. જેથી ન્યાયના હિતમાં ભવિષ્યમાં જો આરોપી મળી વે તો એન.સી. ફરી દાખલ કરવાની શરતે હાલની એન.સી. દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૮/૦૩/૨૦૨૫ ના રોજ સ્પે. સિટિંગમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ:૦૮/૦૩/૨૦૨૫

**(એલ.એ. ખંડેલવાલ)**
જ્યુ.મેજી.ફ.ક.
ટ્રાફીક કોર્ટ, રાજકોટ
જજ કોડ જીજે ૦૧૬૧૦